# વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન. (ગુજરાતી માધ્યમ)

મુ.પો.બાબેન, અવધ લાઈફ સ્ટાઈલની સામે, બાબેન, તા. બારડોલી, જિ.સુરત.

**"निरंतरता मे है बेमिसाल शक्ति –निरंतरता एक Attitude है जिससे एक मिट्टी की मूर्ति भी आपको एकलव्य बना देती है।"**

**–:: <u>વાલી–શિક્ષક મિટીંગ</u> ::–**

સ્નેહી વાલી મિત્રો...નમસ્કાર

આપ કુશળ હશો.

બાળકના સર્વાંગી વિકાસ માટે આપણો હકારાત્મક અભિગમ ખૂબ મહત્વનો હોય છે. બાળકના સારા અભ્યાસ માટે શિક્ષક અને માતા-પિતા સાથે સુમેળ સંધાય તેમજ બાળકે કરેલ કાર્યની નોંધ લઈ શકાઈ તે હેતુથી સમયાંતરે હેતુસભર વાલી-શિક્ષક મિટીંગનું આયોજન થતું હોય છે તે આપ જાણો છો. દરેક વાલી-મિટીંગમાં આપના તરફથી હકારાત્મક સહકાર મળે છે અને મળતો રહેશે એવી અભ્યર્થના...

ધો. 4 થી 9 ના વિદ્યાર્થીઓ માટે તા. 24-01-2026 ને શનિવારના રોજ વાલી-શિક્ષક મિટીંગનું આયોજન કરેલ છે. આ મિટીંગમાં દ્વિતીય યુનિટ / સામાયિક પરીક્ષાની ઉતરવહી બતાવવામાં આવશે અને દ્વિતીય યુનિટ / સામાયિક પરીક્ષાનું પરિણામ પણ આપવામાં આવશે તેથી આ મિટીંગમાં આવવું ખૂબ જરૂરી છે. **(વાલી-શિક્ષક મિટીંગમાં આપના બાળકને ખાસ સાથે લાવશો.)**

**<u>નીચે આપેલા મુદ્દાઓ ઉપર ધ્યાન આપશો.</u>**

- તા.24-01-2026 ને શનિવારના રોજ વાલી-મિટીંગમાં આવો ત્યારે જે તે રોલ નંબરના વિદ્યાર્થી-વાલીશ્રીએ નીચે આપેલ રોલ નંબર મુજબના સમય પ્રમાણે જ આવવાનું રહેશે.
  - ધો. 4 થી 9 ના રોલ નં.01 થી 20 ના વિદ્યાર્થીઓનો સમય :- 8:30 am to 9:30 am
  - ધો. 4 થી 9 ના રોલ નં.21 થી 40 ના વિદ્યાર્થીઓનો સમય :- 9:30 am to 10:30 am
  - ધો. 4 થી 9 ના રોલ નં.41 થી.... ના વિદ્યાર્થીઓનો સમય :- 10:30 am to 11:30 am

વાલી-મિટીંગના દિવસે ધો.4 થી 9 ના વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા વિષયના પ્રોજેકટનું પ્રદર્શન રાખેલ છે તો તે આપ નિહાળશો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશો એવી વિનંતી.

- **ચાલુ શૈક્ષણિક વર્ષ 2025-26 ના દ્વિતીય સત્રની ફી ભરવાની બાકી હોય તો તા. 24-01-2026 ને શનિવારના રોજ ફરજિયાત ભરવાની રહેશે.**
- **આપનું વાહન પાર્કિંગમાં યોગ્ય જગ્યાએ પાર્ક કરી વ્યવસ્થાપકશ્રીને સહકાર આપશો.**

**આચાર્યશ્રી**

**વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-ગુ.મા.(બાબેન)**